# ઊંઝામાં હોટલ-ઢાબાઓ પર ગ્રાહકો પાસે થતી ઉઘાડી લૂંટ

## છાપેલી કિંમત કરતા વધુ રૂપિયા ખંખેરી ગ્રાહકને છેતરે છે

ઊંઝા, તા. ૨૮

ઊંઝા-ઉનાવા વિસ્સાતમાં આવેલ કેટલીક હોટલો, નાસ્તાગૃહોમાં ગ્રાહકો પાસેથી ઉંચા દામ વસૂલ કરીને ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહ્યાની બૂમરાણ ઉઠી છે.

ઊંઝા ખાતે હાઈવે પર તેમજ શહેરની અંદર કેટલીયે નાની મોટી હોટલો, ભોજનાલયો, નાસ્તાગૃહો આવેલ છે. જેપૈકી કેટલીક હોટલોઅને નાસ્તાગૃહોમાં ગ્રાહકો પાસેથી ઉંચા દામ વસૂલ કરાય છે. કેટલીક હોટલોમાં વેટની ચોરી કરીને વિવિધ વાનગીઓ, શાકભાજી તેમજ અન્ય ખાદ્યચીજોના ખૂબ જ ઊંચા ભાવ લઈને જાણે ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે તેવું લોકોમાં બોલાય છે.

વધુમાં ઊંચા ભાવ આપવા છતાં તોલમાપમાં છેતરપીંડી થતી હોય છે. તેમજ વેટની પણ ચોરી થતી હોવાનું કહેવાય છે. અત્રે જે હોટલો છે તે પૈકી કેટલીક હોટલો લાયસન્સ વિના ચાલે છે. જ્યારે કેટલીક નાસ્તાગૃહોના સંચાલકો પાસે ખોરાક અને ઔષધ નિયમન તંત્રનું જરૂરી લાયસન્સ પણ નથી. પ્રિવેન્શન ઓફ ફુડ એડલ્ટેટશન એક્ટ અને તે હેઠળના રૂલ્સ મુજબ મ્યુ.ની હદમાં રોજ ચોક્કસ મર્યાદામાં વેચાણ માટે ઉત્પાદન કરવા, સંગ્રહ કરવા યા વેચાણ કરવા માટે (ધંધો કરવા) ચોક્કસ શરતોને આધિન લાયસન્સ લેવું જરૂરી હોયછે. તેમ છતાં આવું લાયસન્સ લેવામાં આવેલ નથી.

આમ વેટની ચોરી, તોલમાપની છેતરામણી તથા જરૂરી લાયસન્સ વિના આવા ધંધાઓ ચાલી રહ્યા હોવા છતાં લાગતા વળગતા સરકારી ખાતાઓના અધિકારીઓ કોઈ તપાસ કરતા નથી કે પગલા ભરતા નથી. પરિણામે આવા ધંધાવાળા ગ્રાહકોને સરેઆમ લુંટી રહ્યા છે. વેટ, પોલીસ, પુરવઠા, મહેસૂલ, ખોરાક અને ઔષધનિયમનતંત્ર તથા તોલમાપ ખાતાના અધિકારીઓ દ્વારા તપાસ થાય તો કેટલાયે ધંધાર્થીઓ સાણસામાં આવે અને સરકારની આવક પણ વધી શકે તેમ છે. પરંતુ સંબંધિત તંત્રોના કહેવાતા ભ્રષ્ટ અધિકારીઓના ખિસ્સા ગરમ થતાં હોઈ કાનૂની રાહે કડક કાર્યવાહી ન થવાથી છેવટે લોકોને સહન કરવું પડે છે.



અરવલ્લી જીલ્લાના ભિલોડા હાથમતી નદી કિનારે આવેલ ડી. બી. ડામોર ફાર્મ હાઉસમાં શ્રી ડુંગરી ગરાસીયા વિકાસ ટ્રસ્ટ આયોજીત સાતમો સમુહલગ્નોત્સવ કાર્યક્રમ યોજાયો. શ્રી ડુંગરી ગરાસીયા આદિવાસી સમાજનો સાતમો સમુહ લગ્નોત્સવમાં ૩૦ નવદંપતીઓએ પ્રભુતામાં કુંમ-કુંમ પગલા પાડ્યા હતા. શ્રી ડુંગરી ગરાસીયા વિકાસ ટ્રસ્ટ, સમુહલગ્નોત્સવ સંકલન સમિતી, નવદંપતીઓના માતા-પિતા, આદિવાસી સમાજના અગ્રણી કલજીભાઈ કટારા, હસમુખભાઈ મડીયા, નીલાબેન મડીયા, ડૉ.અનિલભાઈ જોષીયારા, અશ્વિનભાઈ કોટવાળ, રાજેશભાઈ નિનામા, બાબુલાલ ખરાડી, અમરતલાલ બરંડા, ડી.બી.ડામોર, વનરાજભાઈ પારઘી, બિપીનભાઈ ગામેતી, બચુભાઈ બરંડા, ડૉ.કિશોરભાઈ ડામોર સહિત આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ૩૦ નવદંતીઓને આશીર્વાદ આપ્યા હતા. શ્રી ડુંગરી ગરાસીયા આદિવાસી સમાજનો સાતમો સમુહ લગ્નોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા આર. કે. બલાત, માધુભાઈ બરંડા, એન. ડી. જોષીયારા તેમજ કારોબારી સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. ભિલોડા આદિવાસી સમાજના અગ્રણીઓએ જણાવ્યું હતું કે જ્ઞાતિએ અમારૂ ઘર છે. દરેક જ્ઞાતિજનો અમારા કુંટુબીજનો છે. આદિવાસી સમાજનો સમુહલગ્નોત્સવ એટલે સમય, શક્તિ અને સંપત્તીનો બચાવ, તણાવમુક્ત અવસર, આદિવાસી સમાજનો અમુલ્ય અવસર, સમુહ કન્યાદાન કરવાનો અનેરો અવસર એટલે જ સમુહ લગ્નોત્સવ છે.



રાજ્ય સરકાર આયોજીત કૃષિરથનો શુભારંભ પ્રાંતિજ તાલુકામાંથી કરવામાં આવ્યો છે. જેમાં ગામે-ગામ જઈ તંત્રના અધિકારીઓ કૃષિ અંગે માહિતી આપી રહ્યા છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

### શ્યામનગર પાસે થયેલ અકસ્માતમાં વધુ એક મહિલાનું મોત

ખેડબ્રહ્મા,તા. ૨૮

ખેડબ્રહ્માના શ્યામનગર પાસે ગત સોમવારે બપોરે જીપ અને મારૂતિવાન વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં એક મહિલાનું મોત નિપજ્યું હતું. જ્યારે સાત જણને સારવાર માટે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા.

સોમવારના રોજ થયેલ જીપ અને મારૂતિવાનના અકસ્માતમાં અંજનાબા ગોહિલનું મૃત્યુ થયુ હતુ. જ્યારે સાત વ્યક્તિઓને ૧૦૮ દ્વારા ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાં ચાર જણને વધુ ગંભીર ઈજાઓ થયેલ હોઈ હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા. જેમાં રાધીવાડના સંગીતાબેન ગીરધરસિંહ સોલંકીનું મંગળવારના રોજ સારવાર દરમ્યાન અમદાવાદ ખાતે મૃત્યુ થયું હતું.

વધુ એક મોત થતાં ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. અકસ્માતને લઈ આવેદનપત્ર આપેલ હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતા જીપ ચાલકો આજે પણ બેફામ દોડી રહ્યા છે.

### શ્રી સત્તાવીશી ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ યુવા ગૃપ, પાલનપુર ધ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાશે

શ્રી સત્તાવીશી ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ યુવા ગૃપ, પાલનપુર ધ્વારા વર્ષઃ૨૦૧૩-૨૦૧૪ના ધોરણ-૧થી ૧૦માં ૭૦ ટકાથી વધુ માર્કસ તથા ધો-૧૧થી ૧૨માં ૬૦ ટકાથી વધુ માર્કસ મેળવનાર દરેક ધોરણમાં પ્રથમ ત્રણ સ્થાન પ્રાપ્ત કરનાર તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ આગામી તા.૨૯-૬-૧૩ ને રવિવારના રોજ સમાજઘરમાં યોજાશે.

જે માટે ઉપર મુજબની ટકાવારી ધરાવતા બાળકોના વાલીઓએ તા.૧૫-૬-૧૩ સુધીમાં માર્કશીટની પ્રમાણિત ઝેરોક્ષ નકલ મનોજ.બી રાવલ, કોયલ કલોથ સેન્ટર, બેચરપુરા, પાલનપુરને અથવા તો યુવા ગૃપના કોઈપણ સભ્યનો સંપર્ક કરી મોકલી આપવા યુવા ગૃપના કન્વીનર હરેન્દ્ર જોશી અને સહકન્વીનર જીગર જોશીએ એક અખબારીયાદીમાં જણાવ્યું છે.

# મોડાસાની ન્યુલક્ષ્મીનગર સોસાયટીમાં ગંદુ પાણી ઠાલવવાની ગટર યોજના રહીશોએ અટકાવી

## વરસાદી પાણીના નિકાલની ગટર વાસ્તવમાં ગંદા પાણીની ગટર બની છે : મોડાસા પાલિકાના સત્તાધીશો લાખોનું આંધણ કરી નેવાના પાણી મોભ પર ચડાવે છે

મોડાસા, તા. ૨૮

મોડાસા શહેરની રામપાર્ક,



(તસવીર : અહેમદ ઉલ્લા, મોડાસા)

માણેકબા, વિધ્યાકુંજ જેવી સોસાયટીના ગંદા પાણીથી ઉભરાતી ગટરલાઈન ન્યુ લક્ષ્મીનગર સોસાયટીમાંથી લઈ જવાના બદ ઈરાદાને રહીશોએ આજે અટકાવી દીધો હતો અને આ અંગે છેક ગાંધીનગર સુધી રજુઆત કરવાની તૈયારી કરી છે.

મોડાસા નગરપાલિકાના સત્તાધિશોનું બુદ્ધિનું પ્રદર્શન કહો કે અણઆવડત.. મોડાસાની રામપાર્ક, વિધ્યાકુંજ, માણેકબા સોસાયટીમાં ભરાતા વરસાદી પાણીનો નિકાલ જુની ખુલ્લી ગટરથી થતો હતો પરંતુ અમુક રહીશોએ કુદરતી નિકાલ બંધ કરતાં ગઈસાલ પાણીનો ભરાવો થયો હતો. આ વરસાદી પાણીની ગટરલાઈન ન્યુલક્ષ્મીનગરમાં થઈને નાખવાની પેરવી મોડાસા પાલિકા દ્વારા હાથ ધરવામાં આવતાં ન્યુલક્ષ્મીનગરના રહીશોએ મોડાસા પાલિકા પ્રમુખ એસ.આર. પટેલને મળીને આવેદનપત્ર આપ્યું હતું અને વાંધો ઉઠાવ્યો હતો. છતાં પ્રમુખે આજે જેસીબી મશીન ગટરલાઈન ખોદવા મોકલતા વ્યાપક રોષ ફાટી નિકળ્યો હતો. મહિલા-પુરૂષોએ ઘરમાંથી બહાર આવી કામગીરી અટકાવી દીધી હતી અને લેવલ કાઢ્યા વિનાની આ ગટરમાં પાણી જાય તેમ નથી. તેથી આ યોજના રદ કરવાની માંગ કરી હતી. આ અંગે સોસાયટીના પ્રમુખ મહેશ ભટ્ટે જણાવ્યુ હતું કે આ વરસાદી ગટર નથી પણ સંડાસ-બાથરૂમના ગંદા પાણીની ગટર છે. અસહ્ય દુર્ગંધ મારે છે અમે જાતે જ મોડાસા પાલિકાના એન્જીનીયર જોડે સર્વે કર્યુ કોઈજ લેવલ મળતુ નથી તેથી અહીથી પાણીનો નિકાલ થાય તેમ નથી તેથી ન્યુલક્ષ્મીનગરમાં કોઈપણ સંજોગોમાં ગટરલાઈન નાખવા દેવામાં આવશે નહી. આ પાણીનો કુદરતી નિકાલ ડુંગરવાડા રોડ તરફ છે ત્યાં નિકાલ કરવો જોઈએ. આમ લાખોનું આંધણ કરી નેવાના પાણી મોભ પર ચડાવવાની પ્રજા વિરોધી કામગીરીની મુખ્યમંત્રી સુધી રજુઆત કરાશે.



# મહેસાણામાં ખાનગી ટ્યૂશન ક્લાસો ચલાવી તગડી કમાણી કરતા સરકારી શાળાના શિક્ષકો

## શિક્ષણ વિભાગ દ્વારા ટ્યૂશન પ્રથા પર પ્રતિબંધ મુકવા છતાં મહેસાણામાં ખુલ્લેઆમ ધમધમે છે ટ્યૂશન ક્લાસીસો

મહેસાણા, તા. ૨૮

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી ટ્યુશન પ્રથા પર પ્રતિબંધ મુકવા છતાં મહેસાણા જિલ્લામાં કેટલાય શિક્ષકો સરકારના આદેશની ઐસી કી તૈસી કરીને ખાનગીમાં ટ્યુશન ક્લાસો ચલાવી તગડી કમાણી કરી રહ્યા છે. જેના કારણે શિક્ષણ કાર્ય પર માઠી અસર પડી છે. નવું શૈક્ષણિક વર્ષ શરૂ થતાં જ ટ્યુશનો ચાલુ થઈ જાય છે જે વાર્ષિક પરીક્ષા સુધી ચાલુ રહે છે.

છેલ્લા કેટલાય સમયથી રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં શાળાઓના શિક્ષકોને ખાનગી ટ્યુશનો કરવા પર પ્રતિબંધ લાદ્યો છે. તેમ છતાં મહેસાણા જિલ્લાના મુખ્યમથક મહેસાણા, ઊંઝા, વિસનગર, કડી, વિજાપુર તાલુકામાં સરકારના નિયમોની ઐસી કી તૈસી કરીને કેટલાયે શિક્ષકો ટ્યુશનની હાટડીઓ ચલાવી રહ્યા છે. સરકારી ગ્રાન્ટ મેળવતી શાળાઓમાં ઊંચા પગાર મેળવનાર શિક્ષકો પૈકી ખાસ કરીને ધોરણ-૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ તેમજ કોમર્સના વિષયો સાથે સંકળાયેલ શિક્ષકો વિદ્યાર્થીઓના ટ્યુશનો કરી તગડી કમાણી કરી રહ્યા છે. કહે છે કે વિજ્ઞાન પ્રવાહમાં ટ્યુશન કરનાર શિક્ષકો વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ પાસેથી વિષય દીઠ વાર્ષિક ૧૫૦૦૦ થી ૩૦૦૦૦ રૂપિયા સુધીની ઉંચી ટ્યુશન ફી લેતા હોવાની લોક ફરીયાદો ઉઠી છે.

જિલ્લામાં ટ્યુશનીયા શિક્ષકોની બોલબોલા વધી ગઈ છે. આ પ્રથામાં આર્થિક રીતે સક્ષમ તેમજ અન્ય વિદ્યાર્થીઓના વાલીઓના ખીસ્સા હળવા થાય છે. જો કે શ્રીમંત વર્ગના લોકો નાણાંના જોરે પોતાના સંતાનોને ટ્યુશનના સથવારે શિક્ષણ અપાવી પરીક્ષામાં સફળતા અપાવે છે. પરંતુ આ સામે ગરીબ અને આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ જેઓ ટ્યુશન રાખી શકે તેમ નથી તેઓનો અભ્યાસ અને વિકાસ રૂંધાય છે તેવું કહેવાય છે.

જિલ્લામાં કેટલાક ટ્યુશનીયા શિક્ષકોએ પોતે જે વિષય શિખવતા હોય તે વિષયોની એસાઈમેન્ટો ઝેરોક્ષ સેન્ટરોવાળા પાસે તૈયાર કરાવીને તેમના થકી જ બારોબાર વિદ્યાર્થીઓને વેચાણ કરાવીને આમાંથી પણ વધારાની આવક ઉભી કરવાનો નવો કિમીયો શોધી કઢ્યો છે. ટ્યુશનોની હાટડીઓને લીધે શાળાઓ ગૌણ બનીને ટ્યુશન ક્લાસો જ મુખ્ય બની ગયા છે. ટ્યુશનિયા શિક્ષકો વિશે જે તે શાળાઓના કેળવણી મંડળો, આચાર્યોને બધી જાણ છે તેમ છતાં કોણન જાણે કેમ શિક્ષણ વિભાગ તરફથી કોઈ કડક પગલાં ભરાતાં નથી. આ ઉપરાંત જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને પણ ટ્યુશન ચસલાવનારા શિક્ષકો વિશેની જાણકારી હોવા છતાં કોઈ અસરકારક પગલાં ભરાતા નથી. જિલ્લામાં ખાનગી શાળાઓની સંખ્યા ખૂબ વધી ગઈ છે. ધોરણ-૧૧-૧૨ વિજ્ઞાન પ્રાહની આવી શાળાઓમાં તગડી ફી વસૂલ કરાય છે.

### વડાગામમાં બી.એસ.એન.એલ.ની લાઈનો ઠપ્પ : ગ્રાહકો પરેશાન

વડાગામ, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના વડાગામ પંથકમાં છેલ્લા ત્રણેક દિવસથી ભારત સંચાર નિગમ લિ. (બી.એસ.એન.એલ.) ના લેન્ડલાઈન ફોન અને મોબાઈલ પણ બંધ થઈ જતાં વડાગામ વાસીઓ ત્રાસી ગયા છે. વડાગામમાં ત્રણ દિવસથી લેન્ડલાઈન ફોન બંધ થઈ પડ્યા છે. તેજ રીતે મોબાઈલ ટાવર છોડી દે છે. ટાવર નીચે ઉભા રહીને મોબાઈલ ઓપરેટ કરવા સતાંય નેટવર્ક મળતું નહી હોવાની હાસ્યાસ્પદ છતાં ગંભીર સ્થિતિ બની બેઠી છે.

ટેલીફોનવાળા સાહેબોને જાણે કે આ ગ્રાહકોની બિમારી કોઠે પડી ગઈ છે. લોકો પરેશાન છે જ્યારે ટેલિફોનવાળા હાથીની મદમસ્ત ચાલથી જ ચાલી રહ્યા છે. આમ જ ચાલશે તો લોકો લેન્ડલાઈન ફોન કઢાવી નાંખશે અને મોબાઈલના સિમકાર્ડ પણ બીજા કંપનીના નાંખશે. અભણ જેવા તંત્રના જવાબદાર લોકોએ આ અંગે અભ્યાસ કરી ગ્રાહકોને માંગ સંતોષવાનો સમય પાકી ગયો છે. જે અધિકારીઓ અંદરખાને બીજી કંપનીઓની આડકતરી મદદ કરી રહ્યા છે.



### પ્રાંતિજના શનિ મંદિરે શનિ જયંતિની ઉજવણી કરાઈ

પ્રાંતિજ સ્થિત પૌરાણિક મહાકાળી ધામ પાસે બાલાજી શનેશ્વર મંદિરે દશ-સોમવતી અમાસ ભગવાન શનેશ્વરની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. ભગવાન શનિદેવને ભવ્યપણે શણગારી તેલ, તલ અભિષેક તથા હવનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવિકોએ મોટી સંખ્યામાં હાજર રહી શનિ દેવને તેલનો અભિષેક કર્યો હતો અને ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ઉપરાંત અતિ પૌરાણિક મંદિરના પણ ભકતોએ દર્શન કર્યા હતા. (તસવીર : સંજય રાવલ)

# પાલનપુર ખાતે શનિ જયંતિની ભારે આસ્થાપૂર્વક ઉજવણી

## શનિ દેવ સહિત હનુમાન મંદિરોમાં ઉમટયું ભક્તિનું ઘોડાપુર

પાલનપુર, તા. ૨૮

પાલનપુર ખાતે સૂર્યપુત્ર શનિદેવની જન્મ જયંતિની ભારે શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુર શહેરના પાલનપુરના ખોડા લીમડા વિસ્તારમાં આવેલા શનિદેવના મંદિર ખાતે આજે વહેલી સવારથી જ ભકતોનો ભારે ધસારો રહ્યો હતો. શનિદેવ તેઓને કાળા તલ, ગોળ, કાળુ કપડું, અડદ ઈત્યાદિ વસ્તુઓએ અર્પણ કરી હતી.

આમ પાપ ગ્રહો અને શનિની સાડાસાતીની પનોતીમાંથી મુકત થવા માટે ન્યાયપ્રિય શનિદેવના મંદિરે ભકતોની ભારે ભીડ જામી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

શનિ મંદિરો સહિત હનુમાનજીના મંદિરોમાં આજે ભકિતનું ઘોડાપુર ઉમટયું હતું. શ્રધ્ધાળુએ શનિ મહારાજને રીઝવવા માટે હોમ-હવન, પ્રાર્થના સહિત વિશેષ આરાધના કરી હતી.

સૂર્ય પુત્ર અને યમરાજાના ભાઈ શનિ મહારાજની જન્મ જયંતિની આજે પાલનપુરમાં ભારે આસ્થાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

ઉપરાંત હનુમાન મંદિર ખાતે પણ ભકિતનું ઘોડાપુર ઉમટયું હતું. શનિ મહારાજ સહિત હનુમાનજીના મંદિરોમાં આજે હોમ-હવન અને ભજન સત્સંગના કાર્યક્રમો યોજાયા હોવાનું જાણીતા જયોતિષાચાર્ય બાલકૃષ્ણ શાસ્ત્રીએ જણાવ્યું હતું.

શનિ મહારાજની કૃપા દષ્ટિ મેળવા ભકતોએ શનિદેવના દર્શન કરી તલના તેલથી અભિષેક કરી


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અધતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન